ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી
(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),
"સમૃધ્ધિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭
ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦
E-mail : info@sgcci.in Website : www.sgcci.in

રેફ નં. તા: ૧૪/૦૩/૨૦૨૪

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ચેમ્બર ઓફ કોમર્સના મિશન ૮૪ અંતર્ગત સુરતના ઉદ્યોગકારોને યુરોપીય ટેક્ષ્ટાઈલ ટ્રેન્ડ્સ વિશે માહિતી અપાઈ

## વર્ષ ૨૦૩૫ સુધી ૫૦ ટકા ફૂડપ્રિન્ટ ઘટાડવાના લક્ષ્યાંક સાથે વર્ષ ૨૦૫૦ સુધી યુરોપીય ટેક્ષ્ટાઈલ ક્ષેત્રને સો ટકા સર્ક્યુલર બનાવવામાં આવશે : ૫મ નેધરલેન્ડસ એનજીઓના સીનિયર એક્સપર્ટ જિયા એલીવેલ્ડ

સુરત: ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના SGCCI ગ્લોબલ કનેક્ટ મિશન ૮૪ અંતર્ગત મંગળવાર, તા. ૧૨ માર્ચ ૨૦૨૪ના રોજ સાંજે ૦૪:૩૦ કલાકે સંહતિ, સરસાણા, સુરત ખાતે 'યુરોપીય ટેક્ષ્ટાઈલ ટ્રેન્ડ્સ' વિશે સેશન યોજાયું હતું. જેમાં ૫મ નેધરલેન્ડસ એનજીઓના સીનિયર એક્સપર્ટ જિયા એલીવેલ્ડે યુરોપમાં ટેક્ષ્ટાઈલ સેક્ટરમાં કાપડમાં આવતા ટ્રેન્ડ્સની સાથે આધુનિક ટેક્ષ્ટાઈલ મશીનરીમાં આવતાં ટ્રેન્ડ્સ વિશે વિસ્તૃત માહિતી આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના માનદ્‌ મંત્રી નિખિલ મદ્રાસીએ સ્વાગત પ્રવચન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, ‘વર્ષ ૨૦૨૨-૨૩માં નેધરલેન્ડ એ યુરોપમાં ભારતનું સૌથી મોટું વેપારી ભાગીદાર અને ભારતમાં ચોથું સૌથી મોટું રોકાણકાર છે. વર્ષ ૨૦૨૨-૨૩માં દ્વિપક્ષીય વેપારમાં ૨૭ બિલીયન યુ.એસ.ડોલરની સર્વકાલીન ઊંચી સપાટીએ પહોંચ્યો હતો. આમાં ૨૧ બિલીયન યુ.એસ.ડોલરની એક્ષ્પોર્ટ અને અંદાજે ૫.૯૬૧ બિલીયન યુ.એસ.ડોલરના ઈમ્પોર્ટનો સમાવેશ થાય છે. વર્તમાન નાણાંકીય વર્ષમાં ટેક્ષ્ટાઈલ ક્ષેત્રે ભારતથી નેધરલેન્ડમાં ૬૨૩ મિલીયન યુએસ ડોલરનું એક્ષ્પોર્ટ કરવામાં આવ્યું છે.’

૫મ નેધરલેન્ડસ એનજીઓના સીનિયર એક્સપર્ટસ જિયા એલીવેલ્ડે જણાવ્યું હતું કે, ‘હાલમાં યુરોપમાં ડિસ્પોઝેબલ ગારમેન્ટની સપ્લાય ચેઈન વધી છે. જેના કારણે ફેશન અને ટેક્ષ્ટાઈલ સેક્ટરમાં અનેક પડકારો જોવા મળી રહ્યા છે. જેમ કે, પર્યાવરણની જાળવણી, સ્થાનિક અને ગ્લોબલ માર્કેટમાં સ્પર્ધક બનીને રહેવું, કાર્યક્ષમતા અને સસ્ટેનેબિલીટીમાં વૃદ્ધિ કરવી.’

તેમણે વર્ષ ૨૦૫૦ સુધી ટેક્ષ્ટાઈલ ક્ષેત્રને સો ટકા સર્ક્યુલર બનાવવા માટેના પોલિસી પ્રોગ્રામ સર્ક્યુલર ટેક્ષ્ટાઈલ વિશે જણાવતાં કહ્યું હતું કે, યુરોપમાં વર્ષ ૨૦૨૩ના શરૂઆતમાં પ્રોડ્યુસર રિસ્પોન્સિબિલીટી પોલિસીમાં આ પોલિસી અંતર્ગત વૃદ્ધિ કરવામાં આવી છે. જેમાં વેસ્ટ મેનેજમેન્ટની પ્રોસેસ અને રિસાયકલીંગ કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૫ સુધીમાં ૨૫ ટકા રિસાયકલ સસ્ટેનેબલ મટિરીયલ અને ૩૦ ટકા પોસ્ટ કન્ઝ્યુમર મટિરીયલ રિસાયકલ કરવાનો, વર્ષ ૨૦૩૦ સુધીમાં ૫૦ ટકા સસ્ટેનિબિલીટી મટિરીયલમાંથી ૩૦ ટકા રિસાયકલ કન્ટેન્ટનો ઉપયોગ કરવામાં આવશે તેમજ ૫૦ ટકા પોસ્ટ કન્ઝ્યુમર મટિરીયલ રિસાયકલ કરવામાં આવશે. વર્ષ ૨૦૩૫ સુધી ૫૦ ટકા ફૂડપ્રિન્ટ ઘટાડવાના લક્ષ્યાંક સાથે વર્ષ ૨૦૫૦ સુધી ટેક્ષ્ટાઈલ ક્ષેત્રને સો ટકા સર્ક્યુલર બનાવવામાં આવશે.

તેમણે જણાવ્યું હતું કે, આપણે રિજનરેટીવ અને સર્ક્યુલર ઈકોનોમી, ન્યુ બેટર ફાઈબર, ડિજીટલાઈજેશન અને એઆઈ, ગ્રાહકોની ડિમાન્ડ અને લોકલ પ્રોડક્ટને ધ્યાને રાખી ટેક્ષ્ટાઈલ ક્ષેત્રે વિકાસ સાધવો જોઈએ. લાયનર ઈકોનોમી અને સર્ક્યુલર ઈકોનોમીના વચ્ચેનો તફાવત જણાવતાં તેમણે કહ્યું કે, લાયનર ઈકોનોમી એટલે ટેક, મેક એન્ડ ડિસ્પોઝ. જ્યારે સર્ક્યુલર ઈકોનોમી એટલે મેક, યુઝ એન્ડ રિસાયકલ. જેથી પર્યાવરણની જાળવણી શક્ય બને છે. રિફાઈબ્રા ટેક્નોલોજી, એડવાન્સ્ડ સોર્ટિંગ ટેકનિક, સક્સેલ, સર્ક્યુલર નીટિંગ અને નેચરલ ફેબ્રિક ડાય્ઝ વિશે તેમણે વધુમાં માહિતી આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના તત્કાલિન પૂર્વ પ્રમુખ હિમાંશુ બોડાવાલા અને ઉદ્યોગ સાહસિકો ઉપસ્થિત રહ્યા હતા. જોલી કોયુપુરાક્કલે ૫મ એનજીઓ અંગે વિસ્તૃત માહિતી આપી હતી. SGCCI ગ્લોબલ કનેક્ટ મિશન ૮૪ના કો–ઓર્ડિનેટર સંજય પંજાબીએ સમગ્ર સેશનનું સંચાલન કર્યું હતું અને ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. વક્તાએ સેશનમાં ઉપસ્થિત ઉદ્યોગ સાહસિકોના પ્રશ્નોના સંતોષકારક જવાબ આપ્યા હતા અને ત્યારબાદ સેશનનું સમાપન થયું હતું.